| Publication: Gujarat Niti | Edition: Ahmedabad |
| --- | --- |
| Date: December 21, 2016 | Page: 5 |



# એચપીએલ ઇલેક્ટ્રિક એન્ડ પાવર લિમિટેડને રૂ. ૧૦૦ કરોડથી વધારેના ઓર્ડર્સ મળ્યા

ભારતમાં વીજ ઉપકરણ ઉત્પાદનમાં સ્થાપિત કંપની એચપીએલ ઈલેક્ટ્રિક એન્ડ પાવર લિમિટેડ ("કંપની" તરીકે સંદર્ભિત; NSE: Symbol; HPL, BSE: Scrip Code; ૫૪૧૩૬)ને રૂ. ૧૦૦ કરોડથી વધારે મૂલ્યના ઓર્ડર્સ મળ્યાં છે, જેમાં રૂ. ૭૦ કરોડનો ભોપાલ સ્માર્ટ સિટી લાઈટિંગ પ્રોજેક્ટ અન રૂ. ૩૩ કરોડનો સધર્ન પાવર ડિસ્ટ્રિબ્યુશનનો એનર્જી મીટર્સ પ્રોજેક્ટ સામેલ છે.

આ ઓર્ડર ઔપચારિક રીતે મળતાં એચપીએલ ઈલેક્ટ્રિક એન્ડ પાવર લિમિટેડના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર શ્રી ગૌતમ સેઠે કહ્યું હતું કે, "અમને ભોપાલ સ્માર્ટ સિટી લાઈટિંગ પાસેથી ઓર્ડર મળવાની ખુશી છે અને આ શક્ય બનાવનાર અમારી સંશોધન અને વિકાસ ટીમના પ્રયાસોને બિરદાવા ઈચ્છીએ છીએ. એચપીએલમાં અમે આધુનિક સ્ટ્રીટ લાઈટિંગ સિસ્ટમ પર કામ કરતી સંપૂર્ણ પ્રતિબદ્ધ ટીમ ધરાવીએ છીએ, જે ઊર્જા કાર્યદક્ષતામાં અમારી મદદ કરે છે. આ ઓર્ડર લાઈટિંગમાં અમારી અસાધારણ ટેકનોલોજી માટે ઈનામ સમાન છે, જે અમને અન્ય કંપનીઓની સરખામણીમાં આગળ રાખે છે. અમારી ઓર્ડર બુક ઉપરાંત અમને સધર્ન પાવર ડિસ્ટ્રિબ્યુશન પાસેથી એનર્જી મીટર્સ માટે રૂ. ૩૩ કરોડનો ઓર્ડર પણ મળ્યો છે."

ભોપાલ સ્માર્ટ સિટી લાઈટિંગ ઓર્ડર માટે એચપીએલએ અગાઉ ભારતી ઈન્ફ્રાટેલ અને એરિક્સ્સન સાથે કન્સોર્ટિયમના ભાગરૂપે જોડાણ કર્યું છે.